# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સરકાર પરમાણુ ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખોલવાની દિશામાં આગળ વધી રહી છે.
2. વિવિધ માર્ગ પરિયોજના માટે ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી 20 હજાર કરોડ રૂપિયા ફાળવવા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની ખાતરી
3. સર્વોચ્ચ અદાલતે દિવ્યાંગોના ગૌરવનું રક્ષણ કરવા કડક કાયદાની જરૂરિયાત પર ભાર મૂક્યો
4. ભારત અને ઇન્ડોનેશિયાના સરક્ષણ મંત્રીએ વ્યૂહાત્મક ભાગીદારી અને દ્વિપક્ષીય સંરક્ષણ સહકાર અંગે નવી દિલ્હીમાં વાતચીત કરી
5. ભારતીય ખેલાડી તન્વી શર્મા લખનૌમાં સૈયદ મોદી આંતર રાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધાની ક્વાર્ટરફાઇનલમાં પહોંચ્યા.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE PM - SKYROOT CAMPUS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સરકાર પરમાણુ ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખોલવાની દિશામાં આગળ વધી રહી છે. અવકાશ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓના વિસ્તરણનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું, સુધારાઓનો વ્યાપ સતત વધી રહ્યો છે. નવી દિલ્હીમાં વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી હૈદરાબાદમાં સ્કાયરૂટના ઇન્ફિનિટી પરિસરનું ઉદ્ઘાટન કરતાં શ્રી મોદીએ કહ્યું, આ સુધારાઓ ભારતની ઉર્જા સુરક્ષા અને ટૅક્નોલૉજી ક્ષેત્રને નવી શક્તિ આપશે.

(બાઈટઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ ક્ષેત્રમાં ખાનગી કંપનીઓ માટે એક મજબૂત ભૂમિકા નક્કી કરવામાં આવી રહી છે અને તેનાથી નાના મૉડ્યુલર રિએક્ટર, અદ્યતન રિએક્ટર અને ન્યૂક્લિયર નવિનતામાં તકનું સર્જન થશે. પ્રધાનમંત્રીએ ભારતનું અવકાશ ક્ષેત્ર વૈશ્વિક રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. સરકારે અવકાશ ક્ષેત્રને ખાનગી નવિનતા માટે ખોલી દીધું હોવાથી સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગ, દેશના વૈજ્ઞાનિક માળખા સાથે મળીને કામ કરશે.

-------------

# TEXTILES MINISTRY- SCHEME

સરકારે આજે કાપડ ઉદ્યોગ કેન્દ્રિત પ્રોજેક્ટ્સ અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપતી યોજનાને મંજૂરી આપી. કાપડ મંત્રી ગિરિરાજ સિંહે

જણાવ્યું હતું કે ટેક્સટાઇલ-રેમ્પ્સ યોજના ભારતના કાપડ ક્ષેત્રને સશક્ત બનાવવા માટે સંશોધન, ડેટા અને નવીનતાને એકસાથે લાવશે.

તેમણે કહ્યું કે આ યોજના ભારતને ટકાઉપણું, ટેકનોલોજી અને સ્પર્ધાત્મકતામાં વૈશ્વિક નેતા તરીકે સ્થાન આપશે. કાપડ મંત્રાલયે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ થી નાણાકીય વર્ષ ૨૦૩૦-૩૧ સુધીના કુલ ₹૩૫ કરોડના ખર્ચ સાથેની આ યોજના આગામી નાણાં પંચ ચક્ર સાથે સુસંગત છે. **અને તેને કેન્દ્રીય ક્ષેત્ર યોજના તરીકે લાગુ કરવામાં આવશે.**

-------------

## AMIT SHAH - BIHAR

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સાથે મુલાકાત કરી. શ્રી શાહે સોશિયલ મીડિયા સંદેશ માં કહ્યું કે બિહારના લોકોએ પ્રચંડ બહુમતી સાથે NDA સરકાર બનાવી છે. તેમણે કહ્યું કે NDA સરકાર વિકસિત બિહાર માટે સુશાસન સુનિશ્ચિત કરવા માટે વધુ જોશ સાથે કામ કરશે.**

-------------

# NITIN GADKARI STATE

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ રાજ્યને રાજમાર્ગ સહિતની અન્ય પરિયોજના માટે કેન્દ્ર સરકાર તરફથી 20 હજાર કરોડ રૂપિયા આપવા માટે ખાતરી આપી છે. ગુજરાતના ગાંધીનગરમાં

રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓની સમીક્ષા કરવા યોજાયેલી બેઠકમાં શ્રી ગડકરીએ રાજ્યમાં ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ – NHAIની રાજમાર્ગ સહિતની અન્ય પરિયોજનાઓની સમીક્ષા કરી.

શ્રી ગડકરીએ અધિકારીઓ અને ઈજારદારોને રસ્તાઓની ઉચ્ચ ગુણવત્તા સુનિશ્ચિત કરવાની પણ તાકીદ કરી. સાથે જ તેમણે માર્ગના નિર્માણ અને સમારકામમાં નાગરિક સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર પણ ભાર આપ્યો. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-મુંબઈ, રાજકોટ—ગોંડલ—જેતપુર, અમદાવાદ—ઉદયપુર માર્ગના પ્રગતિ હેઠળના કામ ઝડપથી પૂર્ણ કરાવવા પણ શ્રી ગડકરીને રજૂઆત કરી હતી.

ત્યારબાદ શ્રી ગડકરીએ સુરતની મુલાકાત દરમિયાન મહાનુભાવોની રજૂઆતને ધ્યાને લઈ પલસાણા અંડરપાસ બનાવવા માટેની તેમણે ખાતરી આપી.

આ ઉપરાંત શ્રી ગડકરીએ સુરતથી વલસાડ સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ 48 પર ચોમાસામાં કરાયેલા કામનું નિરીક્ષણ કર્યું.

-------------

## SC-DISABLE

સર્વોચ્ચ અદાલતે દિવ્યાંગોના ગૌરવનું રક્ષણ કરવા માટે કડક કાયદાની જરૂરિયાત પર ભાર મૂકતા, આજે કેન્દ્રને એસસી-એસટી કાયદાની જેમ દિવ્યાંગો અને દુર્લભ આનુવંશિક વિકારોની ઉપહાસ કરતી અપમાનજનક ટિપ્પણીઓને દંડનીય ગુનો બનાવવા માટે કાયદો બનાવવાનું વિચારવાનું કહ્યું. સર્વોચ્ચ અદાલત એસએમએ ક્યોર ફાઉન્ડેશન દ્વારા દાખલ

કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી, જે દુર્લભ સ્પાઇનલ મસ્ક્યુલર એટ્રોફી રોગથી પ્રભાવિત વ્યક્તિઓ માટે કામ કરે છે

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે કહ્યું કે, ઓનલાઈન પ્લેટફોર્મ પર અશ્લીલ, અપમાનજનક અથવા ગેરકાયદેસર સામગ્રીને નિયંત્રિત કરવા માટે એક તટસ્થ, સ્વતંત્ર અને સ્વાયત્ત સંસ્થાની જરૂર છે. દિવ્યાંગો વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ અને ઉપહાસનો સામનો કરવા માટે માર્ગદર્શિકા બનાવવા મુદ્દા પર માહિતી અને પ્રસારણ મંત્રાલયે બેન્ચને માહિતી આપી હતી કે સરકાર ચોક્કસ માર્ગદર્શિકા ઘડવાનો વિચાર કરી રહી છે.

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# EVE RAJNATH INDIA-INDONESIA DIALOGUE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ઇન્ડોનેશિયાના સંરક્ષણ મંત્રી સજાફરી સજામસોદ્દીન આજે નવી દિલ્હીમાં ત્રીજા ભારત-ઇન્ડોનેશિયા સંરક્ષણ મંત્રીઓ સંવાદની સહ-અધ્યક્ષતા કરી. બંને નેતાઓએ બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલતી વ્યૂહાત્મક ભાગીદારી અને ઊંડા દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગની પુષ્ટિ કરી. બેઠક દરમિયાન, બંને દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા અને સાર્વભૌમત્વના આદર પર આધારિત મુક્ત, ખુલ્લા, શાંતિપૂર્ણ, સ્થિર અને સમૃદ્ધ ઇન્ડો-પેસિફિક ક્ષેત્ર જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો.

ભારત અને ઇન્ડોનેશિયા હિંદ મહાસાગર રિમ એસોસિએશન જેવા બહુપક્ષીય માળખા દ્વારા સહયોગ વધારવા સંમત થયા. બંને નેતાઓએ દરિયાઇ ક્ષેત્ર જાગૃતિ, સાયબર ઍક્સેસ અને સંયુક્ત ઓપરેશનલ તૈયારીમાં વ્યવહારુ સહયોગ વધારવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

-------------

## EC-SIR

ચૂંટણી પંચે આજે જણાવ્યું હતું કે, સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ફેઝ-2 શરૂ થયા પછી મતદારોમાં 50 કરોડ 59 લાખથી વધુ ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. આ તબક્કામાં લગભગ 51 કરોડ મતદારોમાંથી 99.25 ટકા મતદારોને આવરી લેવામાં આવશે. મતદાર યાદીના SIRનો બીજો તબક્કો આ મહિનાની 4 તારીખે નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયો છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી,

લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ શામેલ છે. મતદાર યાદીનું મોટા પાયે સંશોધન આવતા વર્ષે 7 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

-------------

## GUJ- SIR

મતદાર યાદીના ખાસ સઘન સુધારણાના ભાગ રૂપે, સમગ્ર ગુજરાતમાં પાંચ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. દરમિયાન, ચૂંટણી પંચ આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે 29 અને 30 નવેમ્બરના રોજ રાજ્યભરમાં તાલુકા-સ્તરીય શિબિરનું આયોજન કરશે. હાલમાં સમગ્ર ગુજરાતમાં ચૂંટણી ફોર્મનું ડિજિટાઇઝેશન પૂરજોશમાં ચાલી રહ્યું છે.

અમારા સંવાદદાતાનો અહેવાલ:-

[V/C-APRANA KHUNT]

*("ડાંગ જિલ્લો આ ડિજિટાઇઝેશન પ્રક્રિયામાં રાજ્યમાં આગળ છે, જેનો ડિજિટાઇઝેશન દર 85.53% છે. SIR ઝુંબેશ પહેલાથી જ મતદાર યાદી સાફ કરવામાં, 10 લાખથી વધુ મૃત મતદારો અને 11 લાખથી વધુ કાયમી સ્થળાંતરિત મતદારોને ઓળખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી ચૂકી છે. વધુમાં, સુધારણાના પ્રયાસોએ જરૂરી ઉપચારાત્મક કાર્યવાહી માટે 1.44 લાખથી વધુ ડુપ્લિકેટ એન્ટ્રીઓને ઓળખી કાઢી છે. CEO કાર્યાલયે તમામ લાયક જનતાને કોઈપણ જરૂરી અપડેટ અથવા સમાવેશ માટે આગામી તાલુકા-સ્તરીય શિબિરોનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.*

*<u>અપર્ણ ખુંટ, આકાશવાણી ન્યૂઝ, અમદાવાદ.")</u>*

-------------

# CBDT CAMPAIGN

કેન્દ્રીય પ્રત્યક્ષકર બોર્ડ{ સીબીડીટી}એ કરદાતાઓને દંડનીય પરિણામોથી બચવા માટે 31ડિસેમ્બર સુધીમાં સ્વેચ્છાએ તેમના રિટર્નની સમીક્ષા અને સુધારો કરવા એક ખાસ ઝુંબેશ શરૂ કરી છે. માર્ગદર્શન માટે ડેટાનો બિન-ઘુસણખોરી ઉપયોગ શીર્ષકધરાવતી આ ઝુંબેશનો હેતુ આવકવેરા રિટર્નમાં શેડ્યુલ્સ ફોરેન એસેટ્સ અને ફોરેન સોર્સઇન્કમની સાચી રિપોર્ટિંગને સરળ બનાવવાનો છે. આ ઝુંબેશ હેઠળ, બોર્ડઆવતીકાલથી કરદાતાઓને ઓળખવા માટે SMS અને ઇમેઇલ મોકલશે.

બોર્ડે તમામ પાત્ર કરદાતાઓનેકાયદાકીય રિપોર્ટિંગ આવશ્યકતાઓનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવા માટે આ તકનો ઉપયોગકરવા વિનંતી કરી.

-------------

# PM-DEAFLYMPIANS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટોક્યો સમર ડેફલિમ્પિક્સ 2025 માં ભારતીય ડેફલિમ્પિયનોને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા છે. શ્રી મોદીએ એક સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે 9 સુવર્ણ  સહિત 20 ચંદ્રક  સાથે, દેશના રમતવીરોએ ફરી એકવાર સાબિત કર્યું છે કે દૃઢ નિશ્ચય અને સમર્પણ ઉત્કૃષ્ટ પરિણામો પ્રાપ્ત કરી શકે છે.

તેમણે દરેક રમતવીર, કોચ અને સપોર્ટ સ્ટાફ સભ્યની પ્રશંસા કરતા કહ્યું કે સમગ્ર રાષ્ટ્ર તેમના પર ગર્વ અનુભવે છે.

ભારત જાપાનમાં 2025 સમર ડેફલિમ્પિક્સમાં 9 સુવર્ણ, 7 રજત અને 4 કાંસ્ય સહિત 20 ચંદ્રક સાથે મેડલ ટેલીમાં છઠ્ઠા સ્થાને રહ્યું.

-------------

## SYED MODI BADMINTON

૧૬ વર્ષીય ભારતીય શટલર તન્વી શર્માએ આજે લખનૌમાં સૈયદ મોદી આંતર રાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધામાં માં ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન નોઝોમી ઓકુહારાને હરાવીને મહિલા સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. તન્વીએ રાઉન્ડ ઓફ ૧૬ મેચમાં જાપાની અનુભવી ખેલાડીને ૧૩-૨૧, ૨૧-૧૬, ૨૧-૧૯ થી હરાવી.

સ્પર્ધામાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનાર અન્ય ભારતીય શટલરોમાં ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની ડબલ્સ જોડી તેમજ સિંગલ્સ ખેલાડીઓ ઉન્નતિ હુડા, ઇશારાની બરુઆહ, મિથુન મંજુનાથ, કિદામ્બી શ્રીકાંત, પ્રિયાંશુ રાજાવત અને મનરાજ સિંહનો સમાવેશ થાય છે.

-------------

## INDIA-NEW ZEALAND HOCKEY

ભારતીય પુરુષ હોકી ટીમે મલેશિયાના ઇપોહમાં સુલતાન અઝલાન શાહ કપ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ન્યુઝીલેન્ડ સામે 3-2થી વિજય

મેળવતા મજબૂત પ્રદર્શન કર્યું. ભારત તરફથી અમિત રોહિદાસ સંજય અને સેલ્વમ કાર્તિએ ગોલ કર્યા, જ્યારે ન્યુઝીલેન્ડ તરફથી જ્યોર્જ બેકરે 42મી અને 48મી મિનિટે બે ગોલ કર્યા. ભારત આગામી મેચ આ મહિનાની 29મી તારીખે કેનેડા સાથે રમશે.

-------------